# શ્રી આનંદ કલ્યાણ

વિ.સં. ૨૦૭૯, વૈશાખ વદ-૬ • તા.૧૧-૦૫-૨૦૨૩ • અંક : ૧૮

18



**શેઠ આણંદજી કલ્યાણજી**

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

અમદાવાદ

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....

## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

**સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?**
**રૂા. ૫૪૦૦ આપી સહભાગી થઈએ.**

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 50100165224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૧૮ મૂલ્ય : રૂા. ૨૦ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦

શત્રુંજય સોહામણું સોરઠનો શણગાર,
નવ-નવ ટૂંકથી શોભતો દાદાનો દરબાર.
પવિત્ર આ ગિરિરાજના કણકણમાં ધબકાર,
શુદ્ધ-બુદ્ધ અને સિધ્ધની યાત્રાનો રણકાર.
આદીશ્વરના બેસણા પાપ તાપ હરનાર,
સેવા સદ્‌ગતિ સન્મતિ સહુ કોઈને દેનાર,
મૌનપણે આ ભૂમિની સ્પર્શના કરે નરનાર.
તન-મન જીવનમાં ભરે ઉર્જાનો પારાવાર,
દેરા-દેરી દેવના ડગલે પગલે દેદાર.
માથુ ઝૂકે ને હોઠ કરે 'નમો જિણાણં' ઉચ્ચાર,
જુગજુની વાતો, કથા, ઘટનાઓ બેશુમાર.
ભાતીગળ ભૂતકાળનો આછેરો અણસાર,
વરસે દાદાની કૃપા રાત'દિ અનરાધાર.
જે ભીંજાયે ભાવથી એનો ધન્ય બને અવતાર !

: પ્રકાશક :
*શેઠ આણંદજી કલ્યાણજી*
*"સહુને આનંદ સહુનું કલ્યાણ"*
*શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,*
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

*'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)*

વર્ષ-૮ સળંગ અંક : ૧૮

**પ્રકાશન**

**વિ.સં. ૨૦૭૯, વૈશાખ વદ-૬ તા.૧૧-૦૫-૨૦૨૩, ગુરૂવાર**

**પ્રકાશક :**

**હર્ષદભાઈ મહેતા** (જનરલ મેનેજર)

**શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,**

**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭**

**ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦**

**E–mail : shree_sangh@yahoo.com**

**Website : www.shethanandjikalyanjipedhi.org**

**-: દાદાના શિખરે ધ્વજા રોહણ :-**

શાશ્વત ગિરિરાજ શત્રુંજય તીર્થાધિપતિ પરમાત્મા ઋષભદેવ ભગવાનની મુખ્ય જિનાલયમાં મૂળનાયકની પ્રતિષ્ઠા વિ.સં. ૧૫૮૭માં વૈશાખ વદ-૬ના દિવસે અનેક મહાન આચાર્ય ભગવંતો સાથે મુખ્ય પ્રતિષ્ઠાચાર્ય પૂજ્ય વિદ્યામંડનસૂરિજીના વાસનિક્ષેપપૂર્વક ચિતૌડ (મેવાડ)ના પુણ્યશાળી મંત્રી કરમાશા દોશી પરિવારે કરી હતી. ચાલુ વરસે એ પ્રતિષ્ઠાને ૪૯૧ વરસ પૂરા થાય છે. વૈશાખ વદ-૬, ના ગુરુવાર ૧૧-૫-૨૦૨૩ ના દિવસે ૪૯૨મી ધ્વજા ચઢાવવામાં આવશે.

**દાદાના દેરાસરના શિખરે ધ્વજારોહણ કરાવવાનો પુણ્યલાભ શ્રી રીખવચંદ ત્રિભુવનદાસ (વાવવાળા)- સુરત પરિવારે લીધો છે.**

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનો ઈતિહાસ ભાગ - ૧માંથી

## તીર્થાધિરાજ શ્રી શત્રુંજય : વહીવટ અને વિસ્તાર

તીર્થધામની પ્રભાવના અને જાહોજલાલીમાં આંતરિક અને બાહ્ય એમ બંને પ્રકારનાં નિમિત્તોથી અભિવૃદ્ધિ થવા પામે છે. આંતરિક કારણ તે, જનસમૂહની જે તે તીર્થધામ પ્રત્યેની આસ્થા અને ભક્તિ; અને બાહ્ય કારણ તે, જે તે તીર્થસ્થાનની સાચવણી માટેની વ્યવસ્થા તથા યાત્રાળુઓની સારી રીતે રક્ષા કરી શકે અને સગવડ સાચવી શકે એવો વહીવટ બીજાં બીજાં કાર્યો કે ક્ષેત્રોની વ્યવસ્થા કરતાં તીર્થ સ્થાનનો તેમ જ કોઈ પણ ધાર્મિક ક્ષેત્રનો વહીવટ સંભાળતા વ્યવસ્થાતંત્રમાં મોટો અને પાયાનો તફાવત એ હોય છે કે, ધાર્મિક બાબતોને લગતું વ્યવસ્થાતંત્ર ભાવનાશીલતા, ભક્તિ પરાયણતા અને ધર્માનુરાગથી સુરભિત હોવું જોઈએ. આવું ગણિયલ વ્યવસ્થાતંત્ર જ યાત્રાળુ ભાઈઓ-બહેનોની ધર્મભાવનાને સરખી રીતે ન્યાય આપીને એમને વધારે પ્રમાણમાં આકર્ષી શકે અને તીર્થના મહિમામાં વધારો કરી શકે.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તરફની જૈન સંઘની શ્રદ્ધા-ભક્તિ તો છેક પ્રાચીન કાળથી જીવંતરૂપે ચાલી આવે છે. કોઈ અસાધારણ સંકટને કારણે ક્યારેક આ મહાતીર્થની યાત્રા કરવાનું, અમુક વખત માટે, સ્થગિત કરી દેવું પડ્યું હોય તેવા સમયમાં પણ શ્રીસંઘની ભાવના તો આ તીર્થની યાત્રા કરવાની જ હોય છે; અને યાત્રા કરવાના સંયોગો વહેલામાં વહેલા ઉભા થાય એ માટે દરેક પ્રકારના પ્રયત્નો પૂરી નિષ્ઠાથી કરવામાં આવે છે.

પ્રાચીન કાળમાં આ તીર્થની યાત્રાએ નાના-મોટા અનેક સંઘો તેમ જ એકલવાયાં ધર્માનુરાગી ભાઈઓ-બહેનો દૂરથી તથા નજીકથી આવતાં રહેતાં હતાં. પણ વાહન વ્યવહારની ઓછી સગવડવાળા અને ચોર-ડાકુઓના વધારે ભયવાળા એ યુગમાં યાત્રા કરવા નીકળવું એ બહુ મુશ્કેલ લેખાતું, તેથી યાત્રાળુઓની સંખ્યા મર્યાદિત રહેતી. વળી, સોલંકી યુગ પહેલાં શ્રી શત્રુંજય તીર્થ ઉપરનાં સ્થાપત્યોની સંખ્યા પણ મર્યાદિત હતી, એટલે એ તીર્થની સંભાળ અને એના યાત્રાળુઓની સગવડ માટે મર્યાદીતિ વ્યવસ્થા તંત્રથી પણ કામ ચાલી રહેતું હતું. પણ ત્યારબાદ સોલંકી યુગમાં અને તે પછીના સમયમાં ગિરિરાજ ઉપર નાનાં-મોટાં દેવમંદિરોની તેમ જ યાત્રાળુઓની સંખ્યામાં ઝડપથી

વધારો થવા લાગ્યો, એટલે પછી એનું વ્યવસ્થાતંત્ર પણ ખૂબ કાબેલ, કુશળ અને કાર્યદક્ષ હોય એ જરૂરી થઈ પડ્યું.

ગુજરાતમાં સોલંકી રાજ્યશાસનની શરૂઆત થઈ તે પહેલાં શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ કોણ સંભાળતું હતું અને એ કેવી રીતે ચાલતો હતો, એની નિશ્ચિત માહિતી આપી શકે એવી આધારભૂત સામગ્રી ઉપલબ્ધ નથી. ફક્ત વિક્રમ સંવતના પહેલા-બીજા સૈકામાં પ્રાચીન મધુમતી (વર્તમાન મહુવા) નગરીના શ્રેષ્ઠી ભાવડશા અને એમના પુત્ર શ્રેષ્ઠી જાવડશા આ તીર્થનો વહીવટ સંભાળતા હતા અને ઈતિહાસ – યુગમાં આ તીર્થનો પહેલો ઉદ્ધાર (ઉદ્ધારોના ક્રમ મુજબ તેરમો ઉદ્ધાર) શ્રેષ્ઠી જાવડશાએ કરાવ્યો હતો, એટલી કથારૂપ માહિતી જૈન સાહિત્યમાં ('શ્રી શત્રુંજય માહાત્મ્ય', 'સિત્તુંજ કપ્પો', વગેરે અનેક ગ્રંથોમાં) સચવાઈ રહી છે. આ કથા ચોથા પ્રકરણની ૧૫મી પાદનોંધમાં વિસ્તારથી આપવામાં આવી છે.

સોલંકી યુગને ગુજરાતના ઈતિહાસના સુવર્ણયુગ તરીકેનું ગૌરવ અપાવનાર બે ગુર્જરપતિઓ મહારાજા જયસિંહ સિદ્ધરાજ અને મહારાજા કુમારપાળ તથા એ બન્ને ઉપર પ્રભાવ પાડીને એમની પાસે પ્રજાકલ્યાણનાં અને ધર્મપ્રભાવનાના અનેક સત્કાર્યો કરાવનાર કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનાં નામો ખૂબ જાણીતાં છે. ગૂર્જર સામ્રાજ્યના સમ્રાટ કે ચક્રવર્તી સમા આ બન્ને રાજવીઓએ શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી, એટલું જ નહીં, એ મહાતીર્થના નિભાવ માટે સારી એવી ભેટ પણ ધરી હતી. ઉપરાંત, મહારાજા કુમારપાળે તો આ તીર્થની યાત્રા, સંઘ સાથે, કરવાનો લહાવો પણ લીધો હતો, અને ગિરિરાજ ઉપર જિનમંદિર પણ બનાવરાવ્યું હતું. આ બન્ને ગુર્જરપતિઓના શાસનકાળ દરમિયાન અનેક શક્તિશાળી જૈન રાજપુરુષો તથા શ્રેષ્ઠીઓએ રાજ્યસંચાલનમાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો હતો. અને એમને હાથે જિનમંદિરો, ઉપાશ્રયો, યાત્રાસંઘો વગેરે ધર્મશાસનની પ્રભાવનાનાં અનેક કાર્યો થયાં હતાં, તેથી એમની કીર્તિ ચોમેર ફેલાઈ ગઈ હતી. આ ઉપરથી એમ જરૂર સમજી શકાય કે, આ સમયમાં શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ, ગુજરાતના તે સમયના પાટણના જૈન સંઘ અને પાટણના શ્રેષ્ઠીઓ હસ્તક હોવો જોઈએ.

શ્રેષ્ઠી જાવડશાએ ઇતિહાસકાળમાં, વિ.સં. ૧૦૮ના અરસામાં, આ તીર્થના તેરમો ઉદ્ધાર કરાવ્યો તે પછી લગભગ અગિયારસો વરસે, વિ.સં. ૧૨૧૧ની સાલમાં, વયોવૃદ્ધ મંત્રીશ્વર ઉદયન મહેતાના મોટા પુત્ર બાહડ મંત્રીએ આ તીર્થનો ૧૪મો ઉદ્ધાર કરાવ્યો હતો એ વાતનો સામાન્ય નિર્દેશ ચોથા પ્રકરણમાં (પૃ. ૨૨)કરવામાં આવ્યો છે. આ પ્રસંગને લગતી એક કથા પણ, શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ તે કાળે પાટણના જૈન સંઘ હસ્તક હોવાની વાતનું જ સમર્થન કરે છે.

આ તીર્થનો વહીવટ પાટણ સંઘના હાથમાં હતો એનો એક બીજો પણ વધારે સબળ પુરાવો મળે છે.

બાહડ મંત્રીએ વિ.સં.૧૨૧૧માં શ્રી શત્રુંજય તીર્થના ચૌદમો ઉદ્ધાર કરાવ્યો તે પછી, બે દાયકા બાદ જ, ગુજરાત એવી ઘેરી રાજદ્વારી અનિશ્ચિતતામાં અટવાઈ ગયું કે, એની શક્તિ ઉત્તરોત્તર વધુ ને વધુ ક્ષીણ થતી ગઈ, એટલું જ નહીં, કેટલાક દાયકા માટે સત્તાનું કેન્દ્ર પાટણના બદલે ધોળકા બન્યું, આ પછી થોડાક દાયકા બાદ પોતાની લોહીતરસી જેહાદોને લીધે ‘ખૂની’ તરીકેની અપકીર્તિ પામેલા, અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્યે ગુજરાત-સૌરાષ્ટ્ર ઉપર મોટુ આક્રમણ કર્યું; અને ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થ પણ આ આક્રમણમાંથી બચવા ન પામ્યું, એનાં મંદિર અને મૂર્તિ બન્ને ખંડિત થયાં. આ દુર્ઘટનાથી જૈન સંઘમાં હાહાકાર પ્રવર્તી ગયો. આ દુર્ઘટના વિ.સં. ૧૩૬૯માં બની; એટલે બાહડ મંત્રીના ઉદ્ધાર પછી, ૧૫૮ વર્ષ બાદ જ શત્રુંજય તીર્થનો ફરી ઉદ્ધાર કરાવવાની જરૂર ઊભી થઈ.

શ્રી શત્રુંજય તીર્થનો ભંગ થયાની આ વાત તો, પવનવેગે, ગુજરાત-સૌરાષ્ટ્રમાં તથા ગુજરાતની બહારના જૈન સંઘોમાં પણ પહોંચી ગઈ હતી; છતાં અનો તરત જ ઉદ્ધાર કરાવીને અને વહેલાંમાં વહેલી તકે એની ફરી પ્રતિષ્ઠાનો ઉત્સવ ઊજવીને તીર્થાધિરાજની યાત્રા ફરી શરૂ કરાવવાનો પ્રયત્ન કરવાની ભાવના તો તે વખતના પાટણના ઓસવાળ વંશના શ્રેષ્ઠી દેશળશાના અંતરમાં જ જાગી હતી. અથવા એમ કહેવું જોઈએ કે, આ તીર્થનો સત્વર ઉદ્ધાર કરવાની સમસ્ત શ્રી સંઘની ભાવનાને ચરિતાર્થ કરવાનું પુણ્ય સાધન બનવાનું સૌભાગ્ય શ્રેષ્ઠી દેશળશાને લાધ્યું હતું. દેશળશાના પુત્ર સમરસિંહ

ભારે કુશળ, સાહસી અને સુલતાન-બાદશાહના રાજ્યશાસનમાં પણ ઘણી લાગવગ ધરાવનાર બાહોશ રાજપુરુષ હતા, અને ધાર્યું કામ પાર પાડવાની શક્તિ અને સૂઝ એમનામાં હતી. ઉપરાંત દિલ્હીના બાદશાહના ગુજરાતના સુબા અલપખાન સાથે સમરસિંહને દોસ્તીનો ગાઢ સંબંધ હતો અને એ એની પાસે ધાર્યું કામ કરાવી શકે એમ હતા. એટલે એમને શત્રુંજયના ઉદ્ધારના કાર્યમાં કોઈ પણ જાતની મુશ્કેલી ઊભી થાય એવો ભય લાગતો ન હતો. શ્રેષ્ઠી દેશળશાને તો શત્રુંજય તીર્થનો ભંગ થયાની વાત જાણીને પ્રાણાંત કષ્ટ જેવી વેદના થઈ. એમણે તે વખતે પાટણમાં બિરાજતા આચાર્ય શ્રી સિદ્ધસૂરિજીને શ્રી શત્રુંજય ગિરિના ઉદ્ધાર કરાવવાની પોતાની ભાવના દર્શાવીને એ માટે અનુજ્ઞા માગી. આ પછી તીર્થનો ઉદ્ધાર કરાવવાની બધી જવાબદારી સમરસિંહે ઉલ્લાસથી સંભાળી લીધી, અને એ માટેનું બાદશાહી ફરમાન પણ અલપખાન મારફત મેળવી લીધું. આ પ્રસંગે શ્રી યુગાદિદેવ આદીશ્વર ભગવાનની નવી પ્રતિમા ઘડાવવાની વાત આવી ત્યારે સમરસિંહે પાટણનો સંઘ ભેગો કરી પૂછ્યું કે, મહામંત્રી વસ્તુપાળે આવી પ્રતિમા બનાવવા માટે મેળવેલી આરસની મોટી શિલા (ફલડી) ભોંયરામાં સાચવી રાખવામાં આવી છે,તેનો ઉપયોગ નવી પ્રતિમા ઘડાવવામાં કરવો કે નવી શિલા લાવવી ? સંઘે નવી શિલા મેળવવાના આદેશ આપ્યો, અને સમસિંહે એ માન્ય રાખ્યો. આ પ્રસંગ ઉપરથી પણ એમ નક્કી થાય છે કે, શ્રી શત્રુંજયનો વહીવટ એ સમયમાં પાટણના સંઘના હાથમાં જ હતો.

પછી એમણે એવી કુનેહ અને ઝડપથી આ કામ કર્યું કે ફક્ત બે વર્ષ પછી જ, વિ.સં.૧૩૭૧માં, આ જિનપ્રાસાદ નવેસરથી બંધાઈ ને તૈયાર થઈ ગયો, એટલે પછી શ્રેષ્ઠી દેશળશા, આચાર્ય મહારાજ શ્રી સિદ્ધસૂરિની નિશ્રામાં, મોટા સંઘ લઈને પાલીતાણા પહોંચ્યા અને ત્યાં ખૂબ મોટા ઉત્સવ સાથે, વિ. સં. ૧૩૭૧ના માહ સુદ ૧૪ ને સોમવારના રોજ, આ તીર્થની પ્રતિષ્ઠા કરવામાં આવી, જે પંદરમા ઉદ્ધાર તરીકે વિખ્યાત બનેલ છે. આ ઉપરથી પણ લાગે છે કે, જોકે આ તીર્થ પ્રત્યે ઊંડી ભક્તિ તો આખા દેશનો જૈન સંઘ ધરાવતો હતો, પણ એની રક્ષા કરવાની અને વ્યવસ્થા સાચવવાની જવાબદારી તો તે કાળે પાટણનો સંઘ જ નિભાવતો હતો.

વળી ભાવનગરથી પ્રગટ થતા ‘જૈન ’ સાપ્તાહિકના કાર્યાલય તરફથી વિ.સં. ૧૯૮૫માં પ્રગટકરવામાં આવેલ ‘શ્રી શત્રુંજય પ્રકાશ’ નામે પુસ્તકમાં આ અરસાના શ્રી શત્રુંજય તીર્થના વહીવટ સબંધમાં જણાવવામાં આવ્યુ છે કે—

‘સંવત ૧૩૬૯માં મ્લેચ્છ સેના ડુંગર ઉપર અઢળક લક્ષ્મી પથરાયેલી છે તેમ સાંભળી ચઢી, પરંતુ કંઈ ન મળવાથી ખાલી ઊભેલાં મંદિરોની છૂટીછવાઈ ભાંગફોડ કરીને ચાલી ગઈ. શ્રી સિદ્ધાચળની મુખ્ય દેખરેખ અણહીલપુરના સંઘમાં હોવાથી ત્યાં આ ખબર મળતાં અણહીલપુરમાં બિરાજતા આચાર્ય શ્રી સિદ્ધસૂરિએ ત્યાંના શેઠ દેસલશાને આ વાતથી વાકેફ કર્યા. દેસલશાહ વૃદ્ધાવસ્થાને લીધે અણહીલપુરમાં રહેતા; જ્યારે તેના પુત્ર સમરાશા (સમરસિંહ) દિલ્લીમાં રહેતા (પૃ.૮૩).........સમરાશાના ઉદ્ધાર પછી તીર્થની વ્યવસ્થા દેશલશાને સોંપાણી. તે અણહીલપુરમાં રહીને તીર્થ વ્યવસ્થા સંભાળવા ઉપરાંત સંઘ સહવર્તમાન યાત્રાર્થે આવીને જાતે તપાસ કરી જતા (પૃ. ૮૭)

‘‘સમરાશાના ઉદ્ધાર પછીના આ આખા સૈકામાં દિલ્લીની ગાદી ઉપર અનેક રાજ પલટા થવાથી ‘મારે તેની તલવાર’ જેવું ચાલતું હતું. ...આ અશાંતિયુગ વચ્ચે તીર્થની વ્યવસ્થા સમરાશાના વંશજો સંભાળતા હતા. પરંતુ તે પછી સં. ૧૪૬૮માં અહમદશાહ સુલતાને અમદાવાદ વસાવી ગુજરાતનું પાયતખ્ત ત્યાં સ્થાપ્યું, એટલે પાટણનો વ્યાપાર પડી ભાંગવાથી વસ્તીનો મોટો ભાગ અમદાવાદ તથા ખંભાત વસવાટ માટે જવા લાગ્યો, તેમ જ સમરાશાના વંશજ સાજણશાને પણ પોતાની પેઢી ખંભાત ફેરવવા ઇચ્છા થઈ, તેથી તેમના પાસે રહેલો શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ અણહીલપુર પાટણના શ્રીસંઘને સંભાળી લેવા જણાવ્યું. એટલે આચાર્ય શ્રી વિજયરાજસૂરિના નેતૃત્વ નીચે સંઘે મળીને પાટણ, રાધનપુર અને ખંભાતના આગેવાનોની એક કમિટી ચૂંટીને તેને વહીવટની સોંપણી કરી અને સ્થાનિક સંભાળ માટે અણહીલપુરથી આચાર્યશ્રીએ પોતાના શિષ્યને પાલીતાણા રોક્યા. (પૃ. ૮૮, ૮૯).’’

આ ઉપરથી જોઈ શકાય છે કે, બાહ્ય મંત્રીએ શ્રી શત્રુંજય ગિરિનો ઉદ્ધાર કરાવ્યો ત્યારે, શ્રી સમરાશા ઓસવાલે કરાવેલા ઉદ્ધાર વખતે અને

ત્યાર પછી લગભગ એક સૈકા સુધી શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ પાટણના સંઘના હાથમાં એટલે કે પાટણના શ્રેષ્ઠીઓનાહાથમાં હતો.

બાહડ મંત્રીએ તીર્થાધિરાજનો ચૌદમો ઉદ્ધાર વિ.સં.૧૨૧૧માં (મહારાજા કુમારપાળ અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના અસ્તિત્વકાળમાં) કરાવ્યો હતો અને સમરાશાએ કરાવેલ પંદરમા ઉદ્ધારની પ્રતિષ્ઠા વિ.સં.૧૩૭૧માં થઈ હતી.

આ બે ઉદ્ધારોની વચ્ચેનું સમય-અંતર ૧૬૦ વર્ષ જેટલું છે. અને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાયનો વિ.સં-૧૨૨૯માં અને મહારાજા કુમારપાળનો વિ.સં. ૧૨૩૦માં સ્વર્ગવાસ થયા પછી ગુજરાત ઉપરની સોલંકી યુગની સત્તા કેવળ નબળી પડવા લાગી હતી, એટલું જ નહીં, એ આથમવા પણ લાગી હતી. અને ત્રણેક દાયકા માટે ગુજરાતના પાટનગર તરીકેનું કેન્દ્ર અણહીલપુરપાટણથી હટીને, વાઘેલાઓના રાજ્યશાસનમાં, ધોળકા નગરમાં બદલાઈ ગયુ હતું; અને ગુજરાતના મહામંત્રી તરીકેની જવાબદારી વસ્તુપાળ સંભાળતા હતા. આ અરસાની એક કથા જૈન સાહિત્યમાં સચવાઈ રહી છે, તે ઉપરથી કંઈક એવા અણસાર મળે છે કે, ધોળકાના શાસન દરમિયાન, શ્રી શત્રુંજય ગિરિના વહીવટની જવાબદારી મહામંત્રી વસ્તુપાળ (અર્થાત્ ધોળકાનો શ્રીસંઘ) સંભાળતા હતા. આ પછી વળી પાછો શત્રુંજયનો વહીવટ એકાદ સૈકા માટે પાટણનો સંઘ કે શ્રેષ્ઠી દેશળાના વંશજો સંભાળતા હતા. પછી, ઉપર સૂચવ્યું. તેમ, એ વહીવટ સંભાળવાની જવાબદારી પાટણ, ખંભાત અને રાધનપુરના સંઘોના આગેવાનોની કમિટીને સોંપવામાં આવી હતી.

“જૈન પરંપરાનો ઈતિહાસ” ભાગ ત્રીજા (પૃ. ૨૫૭)માં જણાવ્યા પ્રમાણે શ્રી શત્રુંજયનો વહીવટ, કેટલાક વખત માટે, રાધનપુરના મસાલિયા કુટુંબ હસ્તક પણ રહ્યો હતો. આ કુટુંબની એક ધર્મશાળા પણ પાલીતાણામાં છે.

શ્રી સમરાશાહનો (પંદરમો) ઉદ્ધાર વિ.સં. ૧૩૭૧માં થયો તે પછી શ્રી શત્રુંજયનો વહીવટ તો, ઉપર જણાવ્યા મુજબ, ત્રણ શહેરોના સંઘો દ્વારા સંયુક્તપણે ચાલતો રહ્યો હશે; પણ આ વ્યવસ્થા કેટલા વખત ચાલુ રહી અને

એમાં ક્યારે કેવી જાતનો ફેરફાર થયો, એની ચોક્કસ માહિતી કે નોંધ મળતી નથી. એટલે તીર્થાધિરાજનો વહીવટ સંભાળવાની આવી જ કોઈ વ્યવસ્થાથી તે વખતે કામ ચાલતું હશે એવું અનુમાન થઈ શકે છે.

પણ આ અરસામાં તીર્થની રક્ષા તથા સારસંભાળ અંગે જરૂરી ગોઠવણ તો કરવામાં આવી જ હશે, તે છતાં તીર્થના ખંડનનો બનાવ બન્યો હતો. શ્રી સમરાશાહે વિ.સં.૧૩૭૧માં તીર્થનો ઉદ્ધાર કરાવ્યો, તે પછી ફરી પાછા કોઈક સમયે મુસલમાનોએ તીર્થ ઉપર આક્રમણ કરીને તીર્થને નુકસાન પહોંચાડ્યું અને મૂળનાયક ભગવાનની પ્રતિમાને પણ ખંડિત કરી. આ ભાંગફોડ ક્યા વર્ષમાં થઈ એ ચોક્કસ જાણવા મળતું નથી. પણ આ નુકસાન એવું માટું હતું કે જેથી મંદિરનો (તીર્થનો) ઉદ્ધાર કરાવીને ફરી પ્રતિષ્ઠા કરાવવી પડે, પણ આ સમય દરમિયાન મુસલમાન શાસકોએ,પોતાની જેહાદ જેવી રીતરસમોથી, ભય અને બિનસલામતીની એવી લાગણી ઊભી કરી હતી કે જેથી જૈન સંઘ તરત જ શરૂ કરવા જેવું આ કાર્ય પણ સમયસર હાથ ધરી શકયો ન હતો; અને કેટલાક ભાવિક યાત્રિકો, જોખમ ખેડીને પણ, એ તીર્થની યાત્રાએ છૂટાંછવાયાં જતાં અને ખંડિત પ્રતિમાનાં દર્શન કરીને યાત્રા કરવાની પોતાનીભાવના પૂરી કરતાં. આ રીતે જેઓ ધર્મભાવનાથી પ્રેરાઈને યાત્રા માટે સાહસ ખેડતાં એમની પાસેથી યાત્રા કરવા માટે ૧, ૨, ૫ કે ૧૦ રૂપિયા અને, કથારેક તો,સોનામહોર સુધ્ધાં વસૂલ કરવામાં આવતી; અને યાત્રિકોને લાચાર બનીને એ આપવી પણ પડતી.

એક રીતે કહીએ તો, તીર્થાધિરાજનાં યાત્રિકો માટે (અને બીજાઓ માટે પણ) આ સમય આતંક, અરાજકતા અને ઘણી કનડગત વચ્ચે યાત્રા કરવાનો મુશ્કેલીભર્યો સમય હતો. આ રીતે સમરાશાહના ઉદ્ધાર પછી બે સૈકા જેટલો લાંબો ગાળો અનિશ્ચિતતામાં નીકળી ગયો; તેમાંય આ સમયના છેલ્લા કેટલાક દસકા તો આ તીર્થ અને આ તીર્થનાં યાત્રિકો માટે વિશેષ કપરા હતા; અને હવે આ તીર્થનાઉદ્ધારનો સમય પાકી ગયો હોય એમ લાગતું હતું.

વિક્રમના સોળમા સૈકા દરમિયાન કોઈક સમયે, આ તીર્થ ઉપર આક્રમણ કરીને, મુસલમાનોએ ત્યાં ઘણી ભાંગફોડ કરી હતી, એટલું જ નહી પણ, ઉપર સૂચવવામાં આવ્યું છે તેમ, મૂળનાયક ભગવાન ઋષભદેવની

પ્રતિમાને પણ ખંડિત કરી હતી, તેથી શ્રીસંઘ ખૂબ ચિંતામાં મુકાઈ ગયો હતો. આવી ચિંતાકારક સ્થિતિમાં ચિત્તોડના શ્રેષ્ઠી કર્માશાહનું ધ્યાન આવી અતિ શોચનીય પરિસ્થિતિ તરફ ગયું; એટલે એમને આ તીર્થનો સત્વર ઉદ્ધાર કરાવવાની જરૂર લાગી. એમનું રોમરોમ જાણે આ ચિંતાથી વ્યાપ્ત થઈ ગયું અને તેઓ આ કાર્ય પૂરું કરવાના પ્રયત્નમાં તન-મન-ધનથી પરોવાઈ ગયા. ગુજરાતના(ચાંપાનેરના) સુલતાન બહાદુરશાહ સાથેના સારા સંબંધને કારણે, એમણે શત્રુંજયનો ઉદ્ધાર કરવાની અનુમતિ આપતું બાદશાહી ફરમાન પણ મેળવ્યું. તે પછી એમણે આ ઉદ્ધાર કરવાની અનુજ્ઞા કોઈ શહેરના સંઘ પાસેથી મેળવ્યાનો ઉલ્લેખ નથી મળતો, કે જે સંઘ ગિરિરાજ શ્રી શત્રુંજયના વહીવટ સંભાળતો હોય. શ્રેષ્ઠી કર્માશાહ ચાંપાનેરથી ખંભાત જઈને પોતાના ગુરુ ઉપાધ્યાય શ્રી વિનયમંડન પાઠકને શત્રુંજયના ઉદ્ધારની બાદશાહી અનુમતિ મળ્યાની વાત કરે છે અને, એમની પાસેથી આ કામ જલદી શરૂ કરવાનો આદેશ મેળવીને, પાલીતાણા પહોંચીને ઉદ્ધારના કામની શરૂઆત કરાવે છે.

બાદશાહ બહાદુરશાહ વિ. સં.૧૫૮૩ના ભાદ્રપદ માસમાં ગાદીએ બેઠો હતો અને કર્માશાહે કરાવેલા ૧૬મા ઉદ્ધારની પ્રતિષ્ઠા વિ. સં. ૧૫૮૭માં વૈશાખ વદિ ૬ ને રવિવારના રોજ કરાવવામાં આવી હતી; એ ઉપરથી લાગે છે કે, મંત્રી કર્માશાહે આ ઉદ્ધારનું કામ, શ્રેષ્ઠીવર્ય સમરાશાહના પંદરમા ઉદ્ધારની જેમ, ખૂબ ઝડપથી, બે-ત્રણ વર્ષમાં જ પૂરું' કરાવ્યું હોવુ જોઈએ.

આ દરમિયાનમાં, આ ઉદ્ધારથી એક સકા કરતાં પણ વધુ સમય પહેલાં, બાદશાહ અહમ્મદશાહ વિ.સં.૧૪૫૪માં ગુજરાતની ગાદી પર બેઠો હતો અને એણે વિ.સં. ૧૪૬૮માં, પોતાના નામથી, સાબરમતી નદીના કિનારે, નવુંનગર અહમદાવાદ વસાવીને, અણહિલપુર પાટણના બદલે, અને ગુજરાતની રાજધાની બનાવ્યું હતું. આમ છતાં, અમદાવાદની સ્થાપના અને શ્રેષ્ઠી કર્માશાહના ઉદ્ધારવચ્ચેના ૧૧૯ વર્ષ જેટલા લાંબા સમય દરમિયાન શત્રુંજયનો વહીવટ અમદાવાદના જૈન સંઘે કે બીજા કયા શહેરના સંઘે સંભાળ્યો હતો, એની ચોક્કસ માહિતી ઉપલબ્ધ થતી નથી.

આ પછીનો સમય એટલે કે કર્માશાહના ઉદ્ધારના સોળમી સદીના અંત ભાગથી શરૂ કરીને તે અઢારમી સદીના દોઢેક દસકા સુધીનો આશરે

સવાસો વર્ષ જેટલો સમય, ભારતવર્ષના ઈતિહાસમાં, એકંદરે સુખ-શાંતિના ગણી શકાય એવો સમય હતો અને ધર્મઝનૂની ઔરંગજેબ દિલ્લીની ગાદીએ બેઠો તે પછી ફરી પાછી પ્રજાની સુખ-શાંતિનો ભંગ થયો હતો. સુખ-શાંતિના આ સમય દરમ્યાન, જૈન સંઘના પ્રભાવક આચાર્ય જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજી વગેરે શ્રમણભગવંતો, અન્ય ધર્મોના ગુરુએ, દેશના વગદાર અગ્રણીઓ તથા ભારતસમ્રાટ અકબર વગેરે બાદશાહો વચ્ચેના સારા સંબંધોને લીધે, જૈન શાસનની વિશેષ પ્રભાવના થઈ હતી તથા પ્રજાની ભલાઈનાં અનેક કાર્યો પણ થયાં હતાં, આ અરસામાં જેમ શ્રી શત્રુંજય વગેરે જૈન તીર્થોનાં માલિકી-હક્કોનાં અનેક બાદશાહી ફરમાનો જૈન સંઘને મળ્યાં હતાં તથા અહિંસા -અમારિ-પ્રવર્તનનું ધર્મકાર્ય સારા પ્રમાણમાં થયું હતું, તેમ દેશની હિંદુ પ્રજાને અન્યાય અને પીડા કરનાર જજિયાવેરો પણ નાબૂદ થયો હતો.

વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધના પહેલા દસકા આસપાસથી અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો પ્રભાવ દિલ્લી અને ગુજરાતના શાસકો ઉપર, જૈનસંઘમાં તેમ જ પ્રજામાં, ધીમે ધીમે, વિસ્તરવા લાગ્યો હતો; અને એમની ધર્મ માટેની ધગશ, કાર્યકુશળતા, બાહોશી અને રાજદ્વારી કુનેહને લીધે તેઓ ભારતના જૈન સંઘોના મુખ્ય અગ્રણી બન્યા હતા. અને મુગલ રાજશાસકો પાસે પણ એમનું ઘણું ચલણ હતું.

એ રીતે અમદાવાદના જૈન સંઘનું સ્થાન જૈન શાસનમાં આગળ પડતુ થતું જતું હતું અને એની ખ્યાતિ ‘જૈનપુરી’ અને ‘રાજનગર’ તરીકે વિસ્તરવા લાગી હતી. એટલે, જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજી વગેરે શ્રમણ ભગવંતોના જ્ઞાન અને ચારિત્રથી પ્રભાવિત થઈ ને, સમ્રાટ અકબર તથા બીજા મુગલ સમ્રાટોએ જૈન સંઘને કરી આપેલ શ્રી શત્રુંજય વગેરે તીર્થોનાં માલિકી-હક્કોનાં ફરમાનોની સાચવણી અને એના અમલની દેખભાળ કરતાં રહેવાની જવાબદારી અમદાવાદના શ્રીસંઘે તથા મુખ્યત્વે નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ તેમ જ એમના ઉત્તરાધિકારીઓએ સંભાળી લીધી હતી. આ રીતે, ક્રમે ક્રમે, સમય જતાં, શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ પણ અમદાવાદ શહેરના

શ્રીસંઘના હસ્તક આવતો ગયો. આ સમય દરમિયાન અમદાવાદ ગુજરાતનું પાટનગર બન્યાને બેએક સૈકા વીતી ગયા હતા. આ બાબતમાં વિશેષ નોંધપાત્ર બીના એ છે કે, શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ અમદાવાદના સંઘના હાથમાં આવી ગયા પછી એ વ્યવસ્થિત, સ્થિર અને વહીવટનું સ્થાન બદલાવવાની ચિંતાથી સર્વથા મુક્ત બન્યો હતો; અને આમ થવાનું કારણ નગરશેઠ શ્રી શાંતિદાસઝવેરી, એમના ધર્મપ્રભાવક ઉત્તરાધિકારીઓ અને અમદાવાદના સંઘના ધર્મસેવા-પરાયણ અગ્રણીઓની તીર્થરક્ષા માટેની ધગશ અને નિષ્ઠાભરી કામગીરી જ કહી શકાય. અલબત્ત, આમાં ભારતના જૈન સંઘો અને એમના અગ્રણીઓના વિશ્વાસ અને ઉદાર સહકારનો ફાળો પણ નોંધપાત્ર કહી શકાય એવા છે જ, એમાં શક નથી.

આ બધી માહિતી ઉપરથી, સોલંકીયુગથી શરૂ કરીને તે અત્યાર સુધી, શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ કયાં કયાં શહેરોએ સંભાળ્યો, એનું તારણ કાઢીએ તો, કંઈક એવું અનુમાન થઈ શકે છે કે, છેલ્લાં આશરે એક હજાર વર્ષ દરમિયાન, જે શહેર ગુજરાતનું પાટનગર બનવાનું ગૌરવ ધરાવતું હતું એ, માટે ભાગે, ગિરિરાજ શત્રુંજયના વહીવટની જવાબદારી સંભાળતું હતું.

જે અરસામાં, અર્થાત્ વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં, શ્રી શત્રુંજય તીર્થની સંભાળ રાખવાની તથા તીર્થના યાત્રિકો માટે પાલીતાણા શહેરમાં જરૂરી સગવડ કરી આપવાની જવાબદારી અમદાવાદ શહેરના જૈન સંઘના અગ્રણીઓના હાથમાં આવવાની શરૂઆત થઈ, તેના કેટલાંક વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના ગોહિલવાડ વિભાગના ગારિયાધાર-પાલીતાણા પરગણા ઉપર ગોહિલ વંશના રાજવીઓનું શાસન સ્થિર થવા લાગ્યું હતું. આમ થવાથી આ પહેલાંના સમયમાં આ વિભાગ ઉપર ગાયકવાડની રાજસત્તાનું કેટલુક આધિપત્ય હતું, તેમ જ ભાવનગરના ગોહિલ રાજવીઓનું જે કંઈ ચલણ હતું, એનો પણ અંત આવ્યો હતો.આમ છતાં પાલીતાણા રાજ્ય ગાયકવાડ સરકારનું ખંડિયા રાજ્ય હતું. અને તેથી એને ગાયકવાડ સરકારને, ઘણું કરીને, દર વર્ષે આઠેક હજાર રૂપિયા ખંડણી તરીકે,ઈસ્વી સનની ઓગણીસમી સદીના

પૂર્વાર્ધ સુધી, આપવા પડતા હતા, એવા પુરાવા મળે છે. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં એકંદર રીતે શ્રી શત્રુંજય તીર્થ અને પાલીતાણા શહેર અંગે ઊભી થતી મુશ્કેલીનો નિકાલ લાવવાની બાબતમાં, એક જ રાજસત્તાની સાથે વાતચીત અને વાટાઘાટ કરવાની જરૂર રહેવાથી, જૈન સંઘને માટે, એ કામ કંઈક સરળતાવાળું બની ગયું હતુ. એટલે જ્યારે જ્યારે આવા કોઈ પણ પ્રશ્ન કે પ્રસંગ ઊભો થતા ત્યારે શ્રી રાજનગર-અમદાવાદના શ્રીસંઘના આગેવાનો,અન્ય સ્થાનોના શ્રીસંઘો અને વગદાર અગ્રણીઓનો સહકાર લઈને, શરૂઆતમાં ગારિયાધારમાં રહેતા અને પછીથી પાલીતાણા આવીને વસેલા ગોહેલ રાજવીએ સાથે વાટાઘાટો કરીને એનો નિકાલ કરવા પ્રયત્ન કરતા; અને એમાં એમને એકંદરે સફળતા પણ મળતી.

શ્રી શત્રુંજય તીર્થ અને એ તીર્થનાં યાત્રાળુઓની રક્ષા કરવાના પાલીતાણા રાજ્ય અને જૈન સંઘ વચ્ચે થયેલ રખોપાના કરારના જે દસ્તાવેજો સચવાઈ રહ્યા છે, તેમાં સૌથી જૂનો દસ્તાવેજ વિ.સં.૧૭૦૭ના એટલે આજથી (વિ.સ.૨૦૩૬માં)આશરે સવા ત્રણસો વર્ષ જેટલો જૂનો છે. આ કરાર એક બાજુ તે વખતની રાજધાની ગારિયાધારમાં રહેતા પાલીતાણાના રાજવી ગોહેલ કાંધાજી અને બીજી બાજુ સમસ્ત જૈન સંઘ વતી નગરશેઠ શ્રી શાંતિદાસ સેસકરણ ઝવેરી અને શેઠશ્રી રતન તથા સૂરા નામે બે ભાઈઓ વચ્ચે વિ.સ. ૧૭૦૭ના કારતક વદિ ૧૩ ને મંગળવારના રોજ થયો હતો.

આ દસ્તાવેજ ઉપરથી પણ એ સ્પષ્ટ થાય છે કે, વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધ અને અઢારમી સદીના પૂર્વાર્ધમાં શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ અમદાવાદના જૈન સંઘના અગ્રણીઓ હસ્તક આવી ગયો હતો; અને એમાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનો ફાળો ઘણો મહત્ત્વનો હતા.

આ પછી, જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ, શ્રી શત્રુંજય તીર્થના વહીવટની જવાબદારી, બીજા કોઈ સ્થાનના જૈન સંઘ પાસે જવાને બદલે, અમદાવાદના સંઘના અગ્રણીઓ પાસે જ વધારે સ્થિર અને દૃઢ થતી ગઈ; અને સમય જતાં, આ વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામથી ચાલવા લાગ્યો, જે અત્યારે પણ એ નામથી જ ચાલી રહ્યો છે.

અહીં એક પ્રસંગ જાણવા જેવો નોંધવો ઉચિત લાગે છે તે પ્રસંગના કેન્દ્રમાં શ્રી અંબાશંકર જેરામ ભટ્ટ જ રહેલાં છે. આ પ્રસંગ શ્રી અંબાશંકર ભટ્ટના સુપુત્ર શ્રી શંકર ભટ્ટે લખ્યો છે કે અમદાવાદથી પ્રગટ થતા 'અખંડઆનંદ' નામના માસિકના સતે ૧૯૮૪ના મે માસના અંકમાં છપાયો છે. તેનો ઉતારો અહીં સાભાર આપવામાં આવ્યો છે.

## કર્તવ્યનિષ્ઠા સેવક

'આણંદજી કલ્યાણજીની પેઢી કોઈ વેપારી સંસ્થા નથી. આણંદજી એટલે આણંદ અને કલ્યાણજી એટલે કલ્યાણજ. આનંદ કરો અને કલ્યાણ કરો, અને આનંદથી જીવો એવો એનો અર્થ થાય છે. આ પેઢી જૈન ધર્મની છે, જ્યાં લાખો જૈનો દર વર્ષે યાત્રા કરવા આવે છે.

'પાલીતાણા જૈનોનું મુખ્ય યાત્રાધામ છે, જ્યાં લાખો જૈનો દર વર્ષે યાત્રા કરવા આવે છે.'

'પેઢીની પાલીતાણાની શાખામાં આઠ-પાંસઠ વર્ષ પૂર્વે અંબાશંકર જયરામ ભટ્ટ નામના આસિસ્ટન્ટ મુનીમ હતા. તેઓ પાલીતાણાના મૂળ વતની હતા. આ સમયે પાલીતાણા દેશી રાજ્ય હતું અને તેના રાજા ઘણું ભણેલા હતા અને ધર્મનિષ્ઠ હતા, પરંતુ તેમના પડખિયા અભણ, નાલાયક હતા.

'એક વખત રાજા પાલીતાણાના ડુંગર ઉપર (સિદ્ધાચળ) ઉપર ગયા. સાથે એક હજૂરિયો અને બીજા પણ હતા. રિવાજ મુજબ જ્યારે રાજા પહાડ ઉપર જાય ત્યરે પેઢીના મુનીમે હાજર રહેવું જોઈએ. શ્રી ભટ્ટ તેમના કારકુન સાથે ત્યાં હાજર હતા. રાજા જ્યારે મંદિરમાં દાખલ થયા ત્યારે તેમણે બૂટ ઉતારી મખમલની મોજડી પહેરીને અંદર પ્રવેશ કરવો જોઈએ, એવો નિયમ હતો.

'રાજા તો તે મુજબ વર્તવા તૈયાર હતા, પરંતુ હજૂરિયાએ રાજાને બૂટ ન ઉતારવાની અવળી સલાહ આપતાં રાજાએ બૂટ પહેરીને જ મંદિરમાં જવાનો આગ્રહ રાખ્યો. મુનીમે રાજાને સમજાવ્યા : 'મહારાજ, બહુ જુલમ થશે અને આખી જૈન કોમ કોપી ઉઠશે. હું આપના ભલા માટે કહું છું. કૃપા કરીને આપનો નિર્ણય ફેરવો તો સારું,' પરંતુ કહેવત છે કે 'વિનાશ કાળે વિપરીત બુધ્ધિ' તે મુજબ તેઓ બૂટ પહેરીને મંદિરમાં દાખલ થયા. આથી શ્રી ભટ્ટ વિહવળ થઈ ગયા અને નીચે પેઢીમાં જઈ અમદાવાદનીમુખ્ય પેઢીમાં શ્રી લાલભાઈ દલપતભાઈ, જેઓ તે વખતે પેઢીના અધ્યક્ષ હતા, તેમને વિગતથી તાર કર્યો. આ બનાવથી ગામમાં ચકચાર ફેલાઈ અને શ્રી ભટ્ટને પકડી કસ્ટીડીમાં બેસાડી દીધાં. પરંતુ તે પોતાની ફરજ ચૂક્યા નહિ. આ બનાવ પછી અમદાવાદથી રાજા ઉપર નોટિસ આવી કે તમે અમારા ધર્મનું અપમાન કર્યું છે, અને આખી જૈન કોમને આઘાત આપ્યો છે. અમારા મુનીમને તુરત છૂટા કરો અને જે કર્મ આપે કર્યું છે તેનાં પરિણામો આપે સહન કરવાં પડશે.

'આથી રાજા ધ્રુજી તો ગયા, પરંતુ રાજહઠ આડે આવી. છેવટે પેઢીએ મુંબઈની હાઈકોર્ટમાં કેસ માંડ્યો. મોટા મોટા બેરિસ્ટરોને રોક્યા. કેસ ચાલ્યો. રાજા ધક્કા ખાઈ થાકી ગયા. પસ્તાવો તો ઘણો થાય પણ ઘમંડ કેમ છૂટે ? છેવટે વિલાયતની પ્રીવી કાઉન્સિલમાં રાજાની અપીલ મુજબ કેસ ગયો. ત્યાં પણ છેલ્લે એ જ જજમેન્ટ આવ્યું કે, રાજાએ પેઢી અને જૈન કોમની માફી માગવી અગર રાજ્ય છોડી દેવું. આ પરિણામથી તેઓ ડઘાઈ

ગયા. ગામમાં અને સર્વત્ર હોહા થઈ ગઈ અને રાજાને બહાર નીકળવું ભારે થઈ પડ્યું. અને છેવટે તેમને લેખિત માફી માગવી પડી.

'અંતે રાજાએ અંબાશંકર ભટ્ટને તેમની કચેરીમાં બોલાવ્યા, અને તેમને ખૂબ માન સહિત સામેના આસન ઉપર બેસાડ્યા અને કહ્યું, 'અંબાશંકર, જો મારો સલાહકાર અથવા દીવાન ડાહ્યો હોત, તો મારે આમ નીચું જોવા જેવું ન થાત. તું બ્રાહ્મણ હોવા છતાં તેં જૈનધર્મનું બહુ ગૌરવ કર્યું, અને મારા જેવા રાજાનું જે કર્તવ્ય છે કે સર્વ ધર્મ સમાન ગણવા તે હું ચૂક્યો, અને મારે આ પરિણામ ભોગવવું પડ્યું. હવે મારી તને એક વિનંતી છે કે તું જીવે ત્યાં સુધી મારો દીવાન રહે તો મારા આત્માને સંતોષ થાય.'

'પરંતુ અંબાશંકરે કહ્યું, 'અન્નદાતા, આપની વાત હું સમજું છું. પરંતુ હું આ ગામનો મૂળ રહીશ છું. મારાં છોકરાંછૈયા અને ઘરબાર અહીં પેઢીઓથી છે, અને રાજ્યને તથા પેઢીને કાયમનું વેર ચાલે છે. તેથી મારાથી આમ નહિ થઈ શકે તો મને માફ કરો. હું આપ નામદારનો કાયમનો આભારી રહીશ. મને પેઢીજે રૂપિયા પંચોતેર માસિક આપે છે, તેમાં હું સુખી અને સંતોષી છું. મેં આ પેઢીનું લૂણ ખાધું છે, તે મારાથી કેમ ભુલાય ? આપે મારા પ્રત્યે જે લાગણી બતાવી તે હું કદી નહિ ભૂલું. અને જ્યારે મારા લાયક કોઈ કામ હોય ત્યારે મને બોલાવશો તો હાજર થઈશ.'

'બાદ રાજાની ગાડી તેમને પહોંચાડી ગઈ.'

'ફક્ત બે રૂપિયાથી પેઢીમાં નોકરી શરૂ કરેલ, પણ પેઢીના કહેવા છતાં તથા હેઠ મુનિમ તરીકે રૂપિયા દોઢસોનો પગાર મળે તેમ હતો હોવા છતાં તેઓ હેડ મુનિમ ન થયા તે ન જ થયા.'

## વિ.સં. ૨૦૭૯, પોષથી ફાગણ મહિના ૧-જાન્યુ-૨૦૨૩થી ૩૧માર્ચ ૨૦૨૩ સુધી પેઢી સંચાલિત તીર્થોમાં થયેલ આરાધના :-

**શ્રી શેરિસા તીર્થ :-**

જિનશાસનની ગૌરવમયી પરંપરાના સંવાહક પૂજ્ય ૬ આચાર્ય ભગવંતો અને અન્ય પદસ્થો સહિત કુલ - ૬૬૦ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબ તીથસ્પર્શના કરવા પધાર્યા હતા. નવપદ આયંબિલ ઓળીની આરાધના સહિત ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા પૂજાઓ ભણાવીને અત્રે પધારેલ કુલ ૩૫૦૦ જેટલા મહાનુભાવોએ પરમાત્મ ભક્તિ ભાવનાનો લાભ લીધો હતો.

વાહનો દ્વારા પધારેલા સંઘોની સંખ્યા ૧૦ હતી

આ તીર્થની જુની ધર્મશાળાનું સમારકામ તથા કલરકામ પૂર્ણ થયેલ છે. ૨૪ સ્નાનગૃહોનું કાર્ય ચાલુ છે.

**શ્રી ગિરનારજી તીર્થ :-**

શ્રી ગિરનારજી મહાતીર્થ ખાતે છેલા ત્રણ મહીના દરમ્યાન ૭૦ હજાર જેટલા યાત્રિક ભાઈ બહેનો પધાર્યા હતા. અને શ્રી નેમિનાથ જિનાલય સહિત અન્ય જિનાલયોમાં દર્શન-પૂજન-જાપ-આરાધના તથા ભક્તિભાવ દ્વારા જીવનને ધન્ય બનાવ્યું હતું.

છ'રિ પાલિત (પદયાત્રા સાથે) ૧૦ સંઘો અને વાહનો દ્વારા ૧૦૦ જેટલા નાના મોટા સંઘોએ સોરઠની સદા-સર્વદા સોહામણી તીર્થ ભૂમિની સ્પર્શના પામીને કૃતાર્થતા અનુભવી હતી.

નવપદમાં તૃતીયપદે બિરાજમાન ૨૦ આચાર્ય ભગવંતો, અનેક પદસ્થા મુનિભગવંતો સહિત ૫૫૦ પૂજ્ય શ્રમણ-શ્રમણી ગણના પગલા આ પાવન

ભૂમિ પર થયા હતા. વિશિષ્ટ અનુષ્ઠાનોમાં ૧૮ અભિષેક, બૃહદ્શાંતિ ધારા અભિષેક, અખંડ ધારમય શ્રી શક્રસ્તવ અભિષેક તથા અન્ય પૂજા પૂજનો ભણાવવામાં આવ્યા હતા.

શ્રી ગિરનારજી પર્વત પર હાલમાં જ્ઞાનવાવ ખાતે નવાકુંડનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. ઉપરના માળે ૨ હોલ તથા ૬ રુમનું કાર્ય પણ ચાલું છે. જૂનાગઢ ગામ સ્થિત દેરાસરોની યાત્રાર્થે ૧૦ સંઘો સહિત ૧૦૯૭ જેટલા મહાનુભાવો પધાર્યા હતા.

**શ્રી કુંભારિયાજી તીર્થ :-**

શ્રી કુંભારિયાજી તીર્થ ખાતે શ્રી નેમિનાથ જિનાલય સહિત ૫ જિનાલયોમાં બિરાજમાન જિનબિંબોની દ્રવ્ય-ભાવ ભક્તિ કરીને જીવનને ધન્ય બનાવવા માટે ૨૬ હજાર ૪૨૩ જેટલા ભાઈ-બહેનો પધાર્યા હતા. વાહનો દ્વારા ૧૬ જેટલા સંઘો યાત્રાર્થે પધાર્યા હતા.

પૂ.ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત સહિત ૩૦ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના પાવન પગલા આ તીર્થ ભૂમિમાં થયા હતા.

**શ્રી રાણકપુર તીર્થ :-**

રાજસ્થાનની રમ્ય ધરાના અલંકાર સમાન ધના પોરવાડના અપૂર્વ સુકૃતની સાક્ષી સમાન શ્રી ત્રૈલોક્યપ્રસાદ જિનાલયથી વિભૂષિત રાણકપુરતીર્થની યાત્રા માટે ૧ લાખ ૧૫ હજાર જેટલા યાત્રિકભાઈ બહેનો પધાર્યા હતા.

પૂજ્ય આચાર્ય ભગવંત અને ૭૧ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી મ.ની પધરામણી આ પુણ્ય તીર્થના આંગણે થઈ હતી.

વાહનો દ્વારા આવેલ ૮ સંઘોમાં ૧૧૧૩ જેટલા મહાનુભાવોએ દર્શન-પૂજન-સ્તવનાનો લાભ લીધો હતો.

**મૂછાળા મહાવીર :-**

આ તીર્થની સ્પર્શના કરીને ૧૩૩૩૦ યાત્રિકભાઈ બહેનોએ ધન્યતા અનુભવી હતી. ૧ આચાર્ય ભગવંતના પદાર્પણ સાથે ૩૯ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ તીર્થમાં પધાર્યા હતા.

૩૧ સંઘો વાહનમાં પધાર્યા હતા. નવ નિર્મિત દેરીઓમાં પટશાળાનું કાર્ય સંપન્ન થયેલ છે.

## પેઢી દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ

**જીર્ણોદ્ધાર :-**

૧૬ દેરાસરોના જીર્ણોદ્ધારમાં ૩ કરોડ - ૪૧ લાખ ૯ નૂતન દેરાસરોના નિર્માણમાં ૨ કરોડ ૩૮ લાખ

પેઢી તરફથી અનેક સ્થળોએ ચાલતા વિવિધ સંઘો ટ્રસ્ટો હસ્તકના ૧૬ દેરાસરોના જીર્ણોદ્ધાર માટે તથા ૯ નૂતન દેરાસરોના નિર્માણ માટે દેવદ્રવ્યમાંથી ખૂબજ ઉદારતાપૂર્વક સહયોગ આપીને લાભ લેવામાં આવે છે.

**વૈયાવચ્ચ :-**

વૈયાવચ્ચ એટલે શાતા પહોંચાડીને શાતા સંચય કરવાનો સાદો રસ્તો ! પેઢી સંચાલિત પૂજ્ય સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ વિભાગમાં વિભિન્ન સમુદાયોના ૩૮૯ પૂજ્ય સાધુ-સાધ્વીજી પધાર્યા હતા અને એમની સંયમ યાત્રાના સુખપૂર્વક નિર્વાહ માટે જ્ઞાન-દર્શન-ચારિત્રની સહાયક સામગ્રી વહોરાવવાનો લાભ મળ્યો હતો. જાન્યુઆરીથી માર્ચ - ૨૦૨૩ દરમ્યાન ૮ લાખ ૮૬ હજાર રૂપિયાનો લાભ પેઢીના વૈયાવચ્ચ વિભાગને મળ્યો હતો. અન્ય સ્થળો, ગામો, તીર્થભૂમિઓ, સંઘો અને સંસ્થાઓ દ્વારા કરાતી વૈયાવચ્ચની પ્રવૃત્તિઓ માટે પેઢીએ.....નો લાભ લીધો હતો.

## જીવદયાનો ધર્મ સહુથી મોટું સત્કર્મ !

છેલ્લા.... વરસોથી પેઢી સંચાલિત છાપરીયાળી પાંજરાપોળમાં હાલમાં ૨૫૦૮ પશુઓ છે. છેલ્લા ૩ મહીનામાં પાંજરાપોળ ખાતે ૮૨૨ પશુઓ નવા દાખલ થયા છે. આ તમામ પશુઓના ઘાસચારા માટે ૪૩ લાખ ૮૬ હજાર આસપાસનો ખર્ચ થયો છે.

આ પાંજરાપોળ ખાતે પશુઓના જરુરી ઓપરેશન તથા અન્ય દવા-સારવાર પણ સારીરીતે કરવામાં આવે છે. પાંજરાપોળમાં પશુઓની દેખભાઈ તથા અન્ય વ્યવસ્થા માટે ૩૬ કાયમી કર્મચારીઓનો સ્ટાફ સેવારત છે. આપના તરફથી અપાતા નાના - મોટા દાનની સંપૂર્ણ સાર્થકતા એટલે મૂંગા-અબોલ પશુઓનુ આશ્રય સ્થાન : પાંજરાપોળ !

વિ.સં. ૧૭૯૩ ઈસ્વીસન્ ૧૭૩૭માં કટુકમતિ (કડવામત) ના શ્રી લાધાશાહ દ્વારા વિરચિત સૂરત ચૈત્ય પરીપાટીમાં જણાવ્યા મુજબ ત્યારના સૂરતના ગોપીપુરા ક્ષેત્રમાં ૭૫ જિનાલય, ૫ વિશાળ જિનાલય, ૨૩૫ ગૃહચૈત્ય જિનાલય, ૩ ગર્ભગૃહ કુલે ૩૯૭૮જિન પ્રતિમાજી હતા. ઉપરાંત સિદ્ધચક્ર, કમળચૌમુખ, પંચતીર્થી, ચોવીશી વગેરે સાથે કુલ સંખ્યા ૧૦૦૪૧ની હતી.

**શાસ્ત્રોમાં દર્શાવેલા શ્રાવકના પ્રકાર** (શ્રાદ્ધવિધિ પ્રકરણમાંથી)

ઠાણાંગ (સ્થાનાંગ) સૂત્રમાં કહ્યું છે કે :-

चउव्विहा समणोवासगा पन्नत्ता तं जहा -

१ अम्मापिइसमाणे २ भायसमाणे ३ मित्तसमाणे ४ सव्वत्तिसमाणे ॥

૧. માતા - પિતા સમાન, એટલે માતા-પિતા જેમ પુત્ર ઉપર હિતકારી હોય, તેમ સાધુ ઉપર હિતકર્તા; ૨. ભાઈ સમાન, એટલે સાધુને ભાઈની જેમ સર્વકાર્યમાં સહાયક હોય; ૩. મિત્ર સમાન, એટલે મિત્ર જેમ. મિત્રથી કંઈપણ અંતર ન રાખે તેમ સાધુથી કંઈપણ અંતર ન રાખે; અને ૪ શોક્ય સમાન, એટલે શોક્ય જેમ શોક્યની સાથે સર્વ વાતે ઈર્ષા જ કર્યા કરે, તેમ એવા પણ શ્રાવક હોય છે કે, સાધુનાં સર્વ પ્રકારે છળ-છિદ્ર શોધ્યા કરે.

चउव्विहा समणोवासगा पन्नत्ता तं जहा -

१ आयंससमाणे २ पडागासमाणे ३ थाणुसमाणे ४ खरंटसमाणे ॥

૧. દર્પણ સમાન શ્રાવક 'તે, જેમ દર્પણમાં સર્વ વસ્તુ દેખાય' તેમ સાધુનો ઉપદેશ સાંભળી પોતાના ચિત્તમાં ઉતારી લે;

૨. પતાકા સમાન શ્રાવક તે જેમ પતાકા પવનથી હાલતી હોય તેમ દેશના સાંભળતાં પણ જેનું ચિત્ત સ્થિર ન હોય;

૩. સ્થાણુ સમાન શ્રાવક - તે ખીલા જેવા, જેમ ખીલો કાઢી ન શકીયે તેમ સાધુને કોઈક એવા કદાગ્રહમાં નાંખી દે કે તેમાંથી પાછું નીકળવું મુશ્કેલ થાય; અને

૪. ખરંટક સમાન એટલે અશુચિ સરખો શ્રાવક - તે પોતાના કદાગ્રહ રૂપ અશુચિને છોડે નહીં અને ગુરૂને દુ-વર્ચનરૂપ અશુચિથી ખરડે.

પ્રશ્ન :- ચાર પ્રકારના શ્રાવકો ક્યા નયમાં ગણી શકાય ?

ઉત્તર :- વ્યવહારનયમતે તો તેવા પ્રકારનો વ્યવહાર હોવાથી એ ચારે

ભાવશ્રાવકપણે ગણાય છે, અને નિશ્ચયનયને મતે તો શોક્ય સમાન તથા ખરંટક સમાન એ બે પ્રકારના શ્રાવકો મિથ્યાત્વી પ્રાયઃ ગણાવ્યા હોવાથી દ્રવ્યશ્રાવક જાણવા અને બીજા બે પ્રકારના શ્રાવકોને ભાવશ્રાવક મસજવા. કહ્યું છે કે :

चिंतइ जइकज्जाइं, न दिट्ठखलिओ न होई निन्नेहो ।
एगंतवच्छलो जइजणस्स गणणिसमो सड्ढो ॥१॥

સાધુનાં કામ (સેવા-ભક્તિ) કરે, સાધુનું પ્રમાદાચરણ દેખી સ્નેહ રહિત થાય નહીં, તેમજ સાધુ લોકો ઉપર સદાય હિત-વત્સલ રહે તે 'માતા સમાન શ્રાવક' જાણવા.

हियए ससिणेहो च्चिअ, मुणिजणमणायरो विणयकम्मे ।
भायसमो साहूणं, पराभवे होई सुसहाओ ॥२॥

સાધુનો વિનય - વેયાવચ્ચ કરવામાં અનાદરવાળો હોય પણ હૃદયમાં સ્નેહવંત હોય અને કષ્ટ વખતે ખરેખર સહાયકારી થાય એવા શ્રાવકને 'ભાઈ સમાન શ્રાવક' જાણવા.

मित्तसमाणो माणा, इसिं रुसई अपुच्छिओ कज्जे ।
मन्नंतो अप्पाण मुणीण सयणाओ अब्भहिअं ॥३॥

સાધુ ઉપર ભાવ (પ્રીતિ) રાખે, સાધુ અપમાન કરે તથા વગર પૂછ્યે કામ કરે તો તેનાથી રીસાય ખરો, પણ પોતાનાં સગાંવહાલાં કરતાં પણ તેમને (સાધુને) અધિક ગણે તેને 'મિત્ર સમાન શ્રાવક' સમજવા.

थड्ढो छिद्दप्पेही पमायखलियाइं निच्चमुच्चरइ ।
सड्ढो सव्वत्तिकप्पो, साहूजणं तपसमं गणइ ॥४॥

પોતે અભિમાની હોય, સાધુનાં છિદ્ર જોતો રહે અને જરામાત્ર પણ

છિદ્ર જોયું હોય તો સર્વ સાંભળે તેમ બોલતો રહે, સાધુને તૃણ સમાન ગણે તે 'શોક્ય સમાન શ્રાવક' સમજવા.

બીજા ચતુષ્કમાં કહેલા આદર્શ શ્રાવકનું વર્ણન -

गुरुभणिओ सुत्तत्थो, बिंबिज्जइ अवितहे मणे जस्स ।
सो आयंससमाणो सुसावओ वन्निओ समए ॥१॥

ગુરૂએ દેશનામાં સૂત્ર અથવા અર્થ જે કહેલો હોય, તે હૃદયમાં ખેરખરો ધારે. ગુરૂ ઉપર સ્વચ્છ હૃદય રાખે; એવા જે શ્રાવક હોય તેને જૈનશાસનમાં 'દર્પણ સમાન સુશ્રાવક' કહ્યા છે.

पवणेण पडागा इव, भामिज्जइ जो जणेण मूढेण ।
अविणिच्छिअ-गुरुवयणो, सो होइ पडाइआ तुल्लो ॥२॥

પવન વડે જેમ ધ્વજા હાલ્યા કરે તેમ જે મૂઢ માણસોથી ભરમાઈ જાય અને ગુરૂએ કહેલાં વચનનો વિશ્વાસ રાખે નહીં તે 'પતાકા સમાન શ્રાવક' જાણવો.

पडिवन्नमसग्गाहं, न मुअइ गीयत्थसमणुसिट्ठो वि ।
थाणुसमाणो एसो, अपओसि मुणिजणे नवरं ॥३॥

આમાં એટલું વિશેષ છે કે, ગીતાર્થ ઘણો સમજાવ્યો હોય છતાં પણ પોતે લીધેલો કદાગ્રહ (હઠ) કદી છોડે જ નહીં. તે 'ખીલા સરખો શ્રાવક' સમજવો. વિશેષ એ છે કે મુનિજન ઉપર દ્વેષ ન કરે.

अम्मग्गदेसओ निह्नवोसि, मढोसि मंदधम्मोसि ।
इय सम्मंपि कहतं, खरंटए सो खरंटसमो ॥४॥

ગુરૂ જો કે ખરો ખર્થ કહેતા હોય તો પણ તે ન માનતાં છેવટ તેમને (ગુરૂને)એમ પણ બોલવા માંડે કે 'તું ઉન્માર્ગદર્શક છે, નિહ્નવ છે, મુર્ખ છે,

ધર્મથી શિથિલપરિણામી છે.' એમ દુ-ર્વચનરૂપ મળથી ગુરૂને ખરડે તે 'ખરંટક શ્રાવક' સમજવો.

जह सिढिलमसूई दव्वं, छुप्पं तं पिहु नरं खरंटेई ।
एवमणुसासगंपि हु, दुसंतो भन्नई खरंटो ॥५॥

જેમ પ્રવાહી (નરમ) અશુચિ પદાર્થને અડકતાં ખરેખર માણસ પણ ખરડાય છે. તેમ શિખામણ આપનારને જ જે દુર્વચન બોલે તે 'ખરંટક શ્રાવક' સમજવો.

निच्छयओ मिच्छत्ती, खरंटतुल्लो सवित्ति तुल्लोवि ।
ववहारओ य सड्ढा, वयंति जिणवरा ईमु ॥६॥

ખરંટક અને સપત્ની (શોક્ય સમા) શ્રાવક એ બન્નેને શાસ્ત્રકારે તો નિશ્ચયનયમતથી મિથ્યાત્વી જ કહ્યા છે; પરંતુ જિનેશ્વર ભગવંતના દહેરાસર વગેરેની સારસંભાળ રાખે છે તેથી તેને વ્યવહારે શ્રાવક કહેવા.

શ્રાવક શબ્દનો અર્થ

દાન, શીલ, તપ અને ભવનાદિ શુભ યોગોથી અષ્ટ પ્રકારનાં કર્મ સમયે સમયે નિર્જરાવે (પાતળાં કરે, કે ઓછાં કરે, કે નિર્બળ કરે) તેને અને યતિ (સાધુ) પાસેથી સમ્યક્ સામાચારી સાંભળી તેન 'શ્રાવક' કહેવાય. અહીં 'શ્રાવક' શબ્દનો અભિપ્રાય (અર્થ) પણ 'ભાવશ્રાવક'માં જ ઘટે છે. કહેલું છે કે :-

श्रवन्ति यस्य पापानि, पूर्वबद्धान्यनेकशः ।
आवृतश्च व्रतैर्नित्यं, श्रावकःसोभिधीयते ॥१॥

પૂર્વનાં બાંધેલાં ઘણાં પાપને શ્રવે (ઓછાં કરે), અને વ્રત પચ્ચક્ખાણથી નિરંતર યુક્ત જ (વીંટાએલો જ) રહે તે શ્રાવક કહેવાય છે.

सम्मत्तदंसणाइ, पइदीअहं जइज्जणा सुणेइ अ ।
सामायारिं परमं, जो खलु तं सावगं बिंति ॥२॥

સમ્યક્ત્વાદિવાળો અને પ્રતિદિન સાધુજનોની સમાચારી સાંભળનારો ભાવશ્રાવક કહેવાય છે.

श्रद्धालुतां श्राति पदार्थचिन्तनाद्धनानि पात्रेषु वपत्यनारतम् ।
कृन्तत्यपुण्यानि सुसाधुसेवनादतोपि तं श्रावकमाहुरुत्तमाः ॥३॥

નવે તત્ત્વના ચિંતવનથી શ્રદ્ધાને પાકી કરે, આત્મ-સ્વરૂપનું ચિંતવન કરે, પાત્રમાં નિરંતર ધન વાપરે, સુ-સાધુની સવા કરી પાપને નષ્ટ કરે, (એટલં આચરણ કરે) તેને પણ રવા કહેવાય છે.

श्रद्धालुतो श्राति श्रुणोति शासनं, दानं वपत्याशु वृणोति दर्शनम् ।
कृन्तत्यपुण्यानि करोति संयमं, तं श्रावकं प्राहुरमी विचक्षणाः ॥४॥

શ્રદ્ધા પાકી કરે, પ્રવચન સાંભળે, દાન દે, દર્શનને વરે, પાપને નષ્ટ કરે અને સંયમને કરે તેને વિચક્ષણો શ્રાવક કહે છે.

ધર્મમાં સારી રીતે શ્રદ્ધા અને શબ્દનો વ્યુત્પત્તિ અર્થ છે. અને તે પણ ભાવશ્રાવકની અપેક્ષાએ છે

**नवकारेण विबुद्धो, सरेई सो सकुल-धम्म-निअमाई ।**
**पडिक्कमिअ सुई पूईअ, गिहे जिणं कुणइ संवरणं ॥५॥**
**नवकारेण विबुद्धः स्मरति स स्वकुलधर्म-नियमादीन् ।**
**प्रतिक्रम्य शुचिः पूजयित्वा स स्वकुलधर्म-नियमादीन् ॥५॥**

'નમો અરિહંતાણં' ઈત્યાદિ પદોથી જાગ્રત થયેલો શ્રાવક, પોતાના કુળને યોગ્ય ધર્મકૃત્ય નિયમાદિ યાદ કરે. અહીંયા એમ સમજવું કે - પ્રથમથી જ શ્રાવકે સ્વલ્પ નિદ્રાવંત થઈને રહેવું જોઈએ. પાછલી એક પહોર રાત્રિ રહે ત્યારે અથવા સવાર થતાં પહેલાં ઉઠવું. એમ કરવાથી આ લોકમાં યશ, કીર્તિ, બુદ્ધિ, શરીર, ધન, વ્યાપારાદિનો અને પારલૌકિક ધર્મકૃત્ય, વ્રત, પચ્ચક્ખાણ, નિયમ પ્રમુખનો દેખીતો જ લાભ થાય છે. જો તેમ ન કરે તો ઉપરોક્ત લાભની હાનિ થાય છે.

## ૧૨ દ્રમ્મમાં સંઘમાળ !

તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની તળેટીમાં વસેલું ટીમાણક આમ તો સાવ જ નાનકડું એક ગામ હતું, પણ નાનકડા આ ગામમાં મોટું મન ધરાવતો એક માનવી વસતો હતો. નામ એનું ટીલો ! ટીમાણકને ઈતિહાસમાં અમર બનાવી જનાર ટીલો પૈસેટકે સમૃદ્ધ ન હોવા છતાં ભાવનાની જે સમૃદ્ધિ એની પાસે હતી, એની આશા તો ભલભલા અમીરો પાસેય રાખી શકાય, એમ ન હતી. ટીલા પાસે ભક્તિ - ભાવનાની જે સમૃદ્ધિ હતી, એની આગળ ભલભલા ધનવાનો રાંક જેવા લાગતા.

એક દિવસની વાત છે.મહામંત્રી વસ્તુપાળ-તેજપાળ સંઘ લઈને ગિરિરાજની ગોદમાં પધાર્યા. હજારો યાત્રિકો એ સંઘમાં જોડાયા હોવાથી ગિરિરાજની ગોદમાં લાખ્ખોની મેદની એકઠી થાય, એમાં નવાઈ જેવું શું હતું ! ગિરિરાજની આસપાસ અને દૂર-સુદૂર રહેવા ગામ-નગરોમાં સંઘના આગમના સમાચાર ફેલાતા, સંઘ અને સંઘપતિનાં દર્શન માટે મોટો માનવ-મહેરામણ ગિરિરાજની ગોદમાં છલકાયો. એમાં ટીલો પણ ઘણી ઘણી ભાવનાઓનું ભેટણું લઈને ઉપસ્થિત થયો હતો. એના નાનકડા દિલમાં ભાવનાનો સાગર જાણે હિલોળે ચડ્યો હતો. સંઘની અવનવી ઘણી ઘણી વાતો સાંભળ્યા બાદ તો એનું હૈયું એના હાથમાં રહ્યું નહોતું. એથી એ ભાવના ભાવી રહ્યો હતો કે, આવો સંઘ કાઢવાનું મારું ભાગ્ય ક્યારે જાગશે ? વસ્તુપાળ જેવું તો મારું ગજું કયાંથી કે, હું આવો સંઘ કાઢીને અનેકને તીર્થયાત્રા કરાવી શકું ? હા, પણ એક વાત છે કે, કદાચ હું સંઘમાળાનો ચડાવો લઈ શકવા ભાગ્યશાળી બની શકું ખરો !

ટીલો આવી ભાવનાની આવી ભરતીમાં તણાયો જતો હતો. ત્યાં જ સંઘમાળાના ચડાવા શરૂ થયા : ૨૪ લાખ દ્રમ્મ ! વસ્તુપાળે શરૂ કરેલો આ ચડાવો વધતો જ ગયો, વધતો જ ગયો. એમ ટીલાના હૈયામાં ય અનુમોદનાનું આંદોલન વેગ પકડતું જ ગયું. આમ છતાં સંઘમાળનો ચડાવો લેવાની ભાવના ફળીભૂત ન થઈ શકી, એનો ખેદ પણ હૈયાનાં એક ખૂણે ઘૂમરાઈ રહ્યો. આ ખેદ વસ્તુપાળની નજરમાં નોંધાઈ ગયો. વધારામાં વસ્તુપાળની નજરે એ પકડી પાડ્યું કે ટીલો, ખીસામાં હાથ નાંખતો હતો અને પાછો કાઢી લેતો હતો.

સંઘમાળના ચડાવા પૂરા થઈ ગયા પછી વસ્તુપાળે ટીલાને બોલાવીને એના હૈયાથી ભાવના જાણી લીધી અને પછી ઉદારમના થઈને એમણે સૌને કહ્યું : તમે કે મેં સંઘમાળના ચડાવામાં આપી આપીને કશું આપ્યું નથી. સમગ્ર સર્વસ્વનું સમર્પણ કરવાની ભાવના પણ જાગવી જ્યારે અઘરી છે, ત્યારે આ ટીલાએ તો આવી ભાવનાને અમલમાં મૂકીને આપણે સૌ છક્ક થઈ જઈએ એવું કાર્ય કર્યું છે. દ્રમ્મ તરીકેનું એનું સમર્પણ ભલે ઓછું લાગે એવું હોય પણ દિલ તરીકેના એના સમર્પણ પાછળ એણે પોતાનું સમગ્ર સર્વસ્વ સમર્પી દીધું છે માટે સંઘમાળ સૌ પ્રથમ પહેરવાનો અધિકારી હું નહિ, આ ટીલો છે.

વસ્તુપાળે ટીલાનું સમર્પણ સ્વીકારી લીધું. એ સમર્પણ તરીકે દ્રમ્મ તે બાર જ સમર્પિત થયા હતા, પણ એમાં એણે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું હતું. સૌ જોતા જ રહ્યાં, ટીલાના આશ્ચર્ય પાર ન રહ્યો અને પહેલી સંઘમાળ ટીલાના કંઠે સમર્પિત થઈ. સભા એકદમ આશ્ચર્યમગ્ન હતી વસ્તુપાળે કહ્યું કે, લાખો દ્રમ્મના સમર્પણ કરતાય ચડિયાતું બની રહે, એવું સમર્પણ ટીલાનું છે. એણે ભલે ૧૨ દ્રમ્મ જ આપ્યા છે, પણ આમાં એનું સર્વસ્વ આવી જાય છે. આપણે સૌ ઘણું ઘણું બચાવીને થોડું જ આપ્યું છે જ્યારે આ ટીલાએ તો કંઈ જ બચાવ્યા વિના સમગ્ર સર્વસ્વ હોમી દીધું છે માટે ટીલાને પહેલો લાભ મળે, એમાં આશ્ચર્ય જેવું કંઈ જ નથી.

ટીલાને થયું કે, મારા બાર દ્રમ્મ ધન્ય ધન્ય બની ગયા કે, જેના યોગે મને આવો મહાન લાભ મળી જવા પામ્યો. આ ધન્યતાને અનુમોદના ટીલો ઘરે આવ્યો. ત્યાં એની કજિયાળી પત્ની હાજર જ હતી. કમાણીની કાણી કોડી પણ ટીલો લાવ્યો ન હતો. એથી એની પત્નીનો ગુસ્સો આસમાને ચડી ગયો. બધી વાત જાણીને એણે રોકડું પરખાવ્યું: ઘરના છોકરા ઘંટી ચાટી રહ્યા હોય, ત્યારે તમે ઉપાધ્યાયને આટો આપવાની આવી ઘેલી ઉદારતા દાખવો, એનો અર્થ શો ? આજે હવે તમને હું ખવરાવીશ શું ?

ટીલાએ કહ્યું : આજે તો મારે ઉપવાસ છે. કાલની વાત કાલે ! ટીલાની પત્ની કંઈક શાંત થઈ, પણ એનું અંતર તો અશાંત જ હતું. બીજા દવસે

ઉપવાસના પારણાનો સમય થતાં જ ટીલાને થયું કે, કોઈ મુનિરાજનો લાભ મળી જાય, તો કેવું સારું ! ભાવના તો ભવનાશિની બની શકે છે. એ અવસરે અઠ્ઠમના તપસ્વી એક મુનિરાજ પધાર્યા. ઘરમાં થોડું દહીં જ આહાર તરીકે હાજર હતું. ટીલો એ દહીં વહોરાવીને ધન્ય બની ગયો, પણ એથી એની પત્નીના ગુસ્સામાં ઓર વધારો થયો : ૧૨ દ્રમ્મ પહાડની તળેટીમાં વેરી દીધા અને દહીં સાધુને આપી દીધું ! શું કહેવું તમને ?

ટીલાએ કહ્યું : આ તો વાવણીની વેળા હતી. ડાહ્યો ખેડૂત ભૂખે રહીને ય સારામાં સારું વાવેતર કરુ, તો અંતે એ ન્યાય થઈ જાય. દાન તો પહેલો ધર્મ છે અને એનો પ્રભાવ અનેરો છે. ટીલો સાચી સમજણ આપી રહ્યો હતો, ત્યાં જ એક ગાય તોફાને ચડી અને એથી ગાયને બાંધવાનો ખીલો ખેંચાઈને છૂટો પડી ગયો. ટીલો એ ખીલાને ફરી પાછો જમીનમાં જડી દેવા દોડ્યો. એ માટે એણે જમીનને ખોદવા માંડી. જ્યાં થોડીક જમીન ખોદાઈ, ત્યાં જ ચળકતો એક ચરૂ ટીલાની નજરે ચડ્યો.

આ ચમત્કાર જોઈને ટીલાની પત્નીની સાન ઠેકાણે આવી ગઈ. પતિચરણે નમી પડતાં એણે કહ્યું : આનું નામ જ ધર્મ પ્રભાવ ! ખરે જ આ વાવણીની વેળા હતી. હવે મને મારી ભૂલ સમજાય છે. મને થાય છે કે, આખો માનવ જન્મ વાવણીની વેળા જેવો છે. માટે લણણીની લોભ-લાલચ રાખ્યા વિના જ કરવા જેવી આ વાવણી છે.

જમીન ખોદતા ચરૂ મળ્યો, એ ચમત્કાર ગૌણ બની ગયો અને ટીલાને મન પોતાની પત્નીને સોનાથીય વધુ સમૃદ્ધ ધર્મની પ્રાપ્તિ થવા પામી, એ ચમત્કારનો આનંદ અનહદ બની જવા પામ્યો. બીજે દિવસે વસ્તુપાળને ઘરે પધરાવીને ટીલાએ જ્યારે દાનના પ્રભાવની વાત કહી સંભળાવી, ત્યારે એક સાચા-સાધર્મિકનું સન્માન કરવા રૂપે ટીમાણક - ગામનું સ્વામિત્વ ટીલાને સમર્પિત કરીને જ વસ્તુપાળે સંતોષ અનુભવ્યો.

**(પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ. લિખિત 'ગરવી ગાથા ગિરિરાજની' પુસ્કતમાંથી સાભાર)**

## પેઢી દ્વારા પ્રકાશિત વર્તમાનમાં ઉપલબ્ધ સાહિત્યની સૂચિ

| | | |
|---|---|---|
| ૧. | પેઢીનો ઈતિહાસ ભાગ -૧ | રૂા.૫૦/- |
| ૨. | પેઢીનો ઈતિહાસ ભાગ-૨ | રૂા.૫૦/- |
| ૩. | શત્રુંજય ટૂંક (પરિચય પુસ્તિકા) | - |
| ૪. | શત્રુંજય પ્રતિષ્ઠા અહેવાલ | રૂા.૧૫/- |
| ૫. | પાલીતાણા (ફોટોસેટ) | રૂા.૫૦/- |
| ૬. | રાણકપુર (ફોટોસેટ) | રૂા.૫૦/- |
| ૭. | પાલીતાણા, તારંગા, ગિરનાર, રાણકપુર(પોસ્ટર્સ) | રૂા.૩૦/- |
| ૮. | ત્રિભુવનતિક શ્રી રાણકપુર તીર્થ | રૂા.૬૦/- |
| ૯. | ખંભાતના જિનાલય | રૂા.૨૦૦/- |
| ૧૦. | પાટણના જિનાલય | રૂા.૨૫૦/- |
| ૧૧. | વડોદરાના જિનાલય | રૂા.૩૦૦/- |
| ૧૨. | પાલીતાણા શત્રુંજય (મોટું પોસ્ટર) | રૂા.૧૦૦/- |
| ૧૩. | રાણકપુર તીર્થની (ડી.વી.ડી) | રૂા.૨૦૦/- |
| ૧૪. | રાણકપુર તીર્થ - (વામા કોમ્યુનીકેશન વાળી નાની બુક) ગુજરાતી, હિન્દી, અંગ્રેજી | રૂા.૧૦૦/- |
| ૧૫. | રાણકપુર તીર્થ - (વામા કોમ્યુનીકેશન વાળી મોટી બુક) ગુજરાતી, હિન્દી, અંગ્રેજી | રૂા.૧૮૦૦/- |
| ૧૬. | રાણકપુર (સચિત્ર ગાઈડ બુક) હિન્દી, અંગ્રેજી | રૂા.૩૦/- |
| ૧૭. | તારંગાતીર્થ (સચિત્ર ગાઈડ બુક) ગુજરાતી | રૂા.૩૦/- |
| ૧૮. | કુંભારિયાજી તીર્થ (સચિત્ર ગાઈડ બુક) ગુજરાતી | રૂા.૩૦/- |
| ૧૯. | શેરિસા તીર્થ (સચિત્ર ગાઈડ બુક) ગુજરાતી | રૂા.૩૦/- |

# પેઢીની વેબસાઈટ

# www.anandjikalyanjipedhi.org

હાલમાં આ વેબસાઈટ ગુજરાતી ભાષામાં કાર્યરત છે. હિન્દી અને અંગ્રેજી ભાષામાં પણ વેબસાઈટ જોઈ શકાય તે માટેની કામગીરી ચાલુ છે.

વેબસાઈટમાં પેઢીનો પરિચય, તીર્થોની માહિતી, મહત્ત્વના પ્રસંગો, પેઢી તરફથી પ્રકાશિત કરવામાં આવતા પ્રકાશનો અંગેની માહિતી, પેઢીની પ્રવૃત્તિઓ, આંગી તિથિ તેમજ ભાતા તિથિમાં લાભ લેવા અંગેની અરજીના ફોર્મ, જીર્ણોદ્ધાર, વર્ષીતપ પારણા અંગેના ફોર્મ, તીર્થોના નકશા વગેરે માહિતી ઉપલબ્ધ મળી શકે છે.

પેઢીની અલગ અલગ શાખાઓમાં ઘી બોલીની રકમ, જનરલ દાન તેમજ પાલીતાણા સુવર્ણ મહોત્સવની રકમ ઉપરાંત શેઠ આણંદજી કલ્યાણજી છાપરીયાળી પાંજરાપોળ સાર્વજનિક ટ્રસ્ટમાં જનરલ દાન તેમજ જીવદયા પ્રતિપાલક યોજનાની રકમ પણ પેઢીની ઉપરોક્ત વેબસાઈટ પરથી ઓનલાઈન જમા કરાવી શકાય છે.

ઓનલાઈન સુવિધાઓનો લાભ વધુમાં વધુ લોકો લે, તેના માટેની જાગૃતિ લાવવી પડશે.

નજીકના ભવિષ્યમાં દરેક પ્રકારની યોજના અંગેની રકમ ઓનલાઈન ભરી શકાય તે માટેની કામગીરી હાલમાં ચાલુ છે.

## શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટને જોઈએ છે

**મેનેજર/આસી.મેનેજર** *:- ઉંમર ૪૦ વર્ષથી વધુ-ગ્રેજ્યુએટ-ધાર્મિક કે સામાજીક સંસ્થાનો ૫ વર્ષથી વધુ વહિવટી અનુભવ - સરકારી/બિનસરકારી સંસ્થાઓના કામકાજના જાણકાર. કોમ્પ્યુટર જાણકાર, ધર્મશાળા-ભોજનશાળાના વહીવટ સંભાળી શકે તેવા, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.*

**સુપરવાઈઝર/ક્લાર્ક** *:- ઉંમર ૨૫ વર્ષથી વધુ - ગ્રેજ્યુએટ-અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કોમ્પ્યુટર ટાઈપીંગ, એકાઉન્ટના તથા કોમ્પ્યુટરના જાણકાર, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.*

**પૂજારી** *:- ઉંમર ૨૨થી વધુ - જૈન દેરાસરમાં પૂજારીની કામગીરીના અનુભવી, સેવાપૂજા, આંગી, ભોજકની કામગીરીના જાણકાર, બહારગામ રહી શકે તેવા,*

*ઉપરોક્ત તમામ જગ્યા માટે જૈન ધાર્મિક સિધ્ધાંતો, પ્રણાલિકાઓની જાણકારી ધરાવનારને અગ્રતા આપવામાં આવશે.*

*અજરદારે અભ્યાસ, અનુભવ વિગેરેની નકલો સાથે નીચેના સરનામે અરજી કરવી.*

**શેઠ આણંદજી કલ્યાણજી (ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ)**

**'સહુને આનંદ સહુનું કલ્યાણ'**

**"શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન"**

**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,**

**પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭**

# તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨- ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

મુંબઈ બ્રાંચ
શેઠ આણંદજી કલ્યાણજી
૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ,
ગિરગામ ચર્ચ નજીક,ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮
(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ.નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

'દયા ધર્મનું મૂળ છે'

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



## શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સ. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)
અનેક અબોલ જીવોનો વિસામો

**જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.**

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે. આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
PUNJAB NATIONAL BANK
( આંબાવાડી બ્રાંચ ) અમદાવાદના સેવિંગ્સ
A/C 0524000100066781 માં (IFSE CODE - PUNB0097100)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

**શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ**
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જી. ભાવનગર.

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

**BOOK - POST**

*To,*


**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com